ધોરણ–૮/ધોરણ–૧૦ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / પોલીટેકનીકનો બે વર્ષ કે તેથી વધુ સમયનાં માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ વિદ્યાર્થીઓ માટે મુખ્ય શિક્ષણ ધારામાં જોડાવા સંદર્ભે રાજય સરકારે જાહેર કરેલ નીતિ સંદર્ભે અગત્યની સૂચના.

---

કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડવા રાજય સરકાનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૫૯૦/છ, તા. ૨–૬–૧૧થી નીતિ જાહેર કરવામાં આવી છે.

(૧) ધોરણ–૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની NCVT/GCVT ની પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવાર ધોરણ–૧૦ની પરીક્ષામાં ગુજરાતી તથા અંગ્રેજી વિષયની પરીક્ષાઓ પૃથ્થક ઉમેદવાર તરીકે આપી ઉત્તીર્ણ થયેથી ધોરણ–૧૦ને સમકક્ષતાનું શૈક્ષણિક હેતુનું પ્રમાણપત્ર મેળવી શકે છે.

(૨) ધોરણ–૧૦ પાસ કર્યા પછી આઈ.ટી.આઈ.નો બે વર્ષનો કોર્સ અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની NCVT/GCVT ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ ધોરણ–૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા પૃથ્થક ઉમેદવાર તરીકે આપી પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ–૧૨ની સમકક્ષતાનું શૈક્ષણિક હેતુનું પ્રમાણપત્ર મેળવી શકે છે.

(૩) ધોરણ–૧૦ પછી ત્રણ (૩) વર્ષનો ડિપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થી ધોરણ–૧૨ને સમકક્ષતા અંગેનું શૈક્ષણિક હેતુ માટેનું પ્રમાણપત્ર બોર્ડ પાસેથી મેળવી શકશે.

રાજય સરકારની આ નીતિનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારો ધોરણ–૧૦ તથા ધોરણ–૧૨ની પરીક્ષામાં પૃથ્થક ઉમેદવાર તરીકે ઉપસ્થિત થઈ અનુક્રમે અંગ્રેજી/ગુજરાતી અને અંગ્રેજી વિષયની પરીક્ષા આપવા માગતાં હોય તો તેઓએ છેલ્લે જે શાળામાં અભ્યાસ કર્યો હોય તે શાળા મારફતે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ના પૃથ્થક ઉમેદવારો માટે બોર્ડે નિયત કરેલા આવેદનપત્રનાં નામૂનામાં જ અરજી શાળાના આચાર્યના સહી–સીકકા સાથે ધોરણ–૧૦ માટે બોર્ડના પરીક્ષા એકમ, વડોદરા મુકામે તેમજ ધોરણ–૧૨નાં કિસ્સામાં બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતે નિયત કરેલ ફીની રકમનો સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફટ સાથે રાખી કરવાની રહેશે.

ફી ધોરણ–૧૦ : અંગ્રેજી અને ગુજરાતી પૃથ્થક બે વિષયનાં રૂા.૧૧૦ તથા ધોરણ–૧૨ અંગ્રેજી પૃથ્થક એક વિષયનાં રૂા. ૯૦ રહેશે.

ધોરણ–૧૦ પાસ કર્યા બાદ ત્રણ વર્ષનો પોલીટેકનીક ડીપ્લોમાનો કોર્સ કરેલા વિદ્યાર્થીઓએ આ સાથેનાં નિયત નમૂનામાં તેમની અરજીમાં સુવાચ્ય વિગતો ભરી અરજીમાં જણાવેલા દસ્તાવેજોની

સ્વયંપ્રમાણિત નકલ સાથે રૂા. ૫૦/–નાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં નામના ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર ડીમાન્ડ ડ્રાફટ સાથે બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતે સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સંશોધન શાખામાં રજુ કરવાની રહેશે. તેમની અરજીનાં દસ્તાવેજોની ચકાસણી કરી બોર્ડ દ્વારા શૈક્ષણિક હેતુ માટેનું ધોરણ–૧૨ને સમકક્ષતા અંગેનું પ્રમાણપત્ર વિદ્યાર્થીને અરજીમાં જણાવેલ સરનામે મોકલી આપવામાં આવશે.

(એમ.આઈ.જોષી)
સચિવ.

ગાંધીનગર.
તા.૩૦–૧–૨૦૧૨

ક્રમાંક/મઉમશબ/સંશોધન/૧૬૯૨-૯૨૨૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર, તા. ૧૩/૨/૨૦૧૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
(તમામ)

વિષયઃ- કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ કરવા અંગેની નીતિ અન્વયે S.S.C./H.S.C. પરીક્ષામાં પૃથ્થક ઉમેદવાર તરીકે બેસવા દેવાની મંજૂરી આપવા અંગે.

સંદર્ભઃ-૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/મશબ/૧૨૧૧/૫૯૦/છ, તા.૨/૬/૨૦૧૧
૨) બોર્ડની શૈક્ષણિક સમિતિની તા.૨૮/૧૨/૨૦૧૧ ની બેઠકના ઠરાવ ક્રમાંક-૪૫/૨૦૧૧ અન્વયે.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (N.C.V.T) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (G.C.V.T) ની પરીક્ષા પાસ કરેલ હોય તેવો કોઇ ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતો હોય તો તે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં પૃથ્થક ઉમેદાવાર તરીકે ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે.

ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાએ (આઇ.ટી.આઇ.)નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (N.C.V.T) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (G.C.V.T) ની પરીક્ષા પાસ કરેલ હોય તેવો કોઇ ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માગતો હોય તો તે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં પૃથ્થક ઉમેદવાર તરીકે અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે.

આવા ઉમેદવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાની ગુજરાતી તેમજ અંગ્રેજી કે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેને અનુક્રમે ધોરણ-૧૦ અર્થાત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા તથા ધોરણ-૧૨ અર્થાત ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યાની સમકક્ષ ફકત શૈક્ષણિક હેતુ માટેનું પ્રમાણપત્ર બોર્ડ આપશે. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડિપ્લોમાં કોર્સ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ ની સમકક્ષતા ફકત શૈક્ષણિક હેતુ માટેનું પ્રમાણપત્ર પણ બોર્ડ આપશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની માર્ચ ૨૦૧૨ માં લેવાનાર પરીક્ષાના આવેદનપત્રો ભરવાની મુદત પૂર્ણ થયા બાદ આ નિર્ણય લેવાયેલ હોઇ આવાં વિદ્યાર્થીઓને તા. ૩૧/૧/૨૦૧૨ સુધીમાં આવેદનપત્રો ભરે તો લેઇટ ફી ભરવામાંથી મુકિત આપવામાં આવે છે.

તદનુસારની કાર્યવાહી કરવા તથા બહોળી પ્રસિધ્ધિ માટે જિલ્લાઓની શાળાઓને સત્વરે જાણ કરવા વિનંતી છે. આ સાથે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨/૬/૨૦૧૧ ના ઠરાવની નકલ આપની જાણ સારૂ બિડેલ છે.

સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણઃ</u>- ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના જાણ સારૂઃ-</u>

૧) અધ્યક્ષશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૨) નાયબ અધ્યક્ષશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૩) નાયબ સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪) નિયામકશ્રી,
શ્રમ અને રોજગાર, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂઃ-</u>

૧) પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

૨) ખાસ ફરજ પરના અધિકારીશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા, વડોદરા.

૩) સહતંત્રીશ્રી,
માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ મેગેઝીનમાં પ્રસિધ્ધિ આપવા અંગે.

D:\BRP ૦૦૮

15/C

કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે
જોડાણ અંગેની નીતિ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૧/૫૯૦/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨-૬-૨૦૧૧

ઠરાવ:

હાલ અપાવામાં આવતા શિક્ષણને રોજગારલક્ષી બનાવવા માટે આઈ.ટી.આઈ અને પોલીટેકનીકમાં અપાતા કૌશલ્ય વર્ધન માટેના શિક્ષણને વધુ ઉત્તેજન આપવાની જરૂર છે. તાંત્રિક પ્રકારનું કૌશલ્ય મેળવેલ વિદ્યાર્થીઓને હાલ ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ પછી કોલેજમાં દાખલ થવાની તક મળતી નથી જે તેમની શૈક્ષણિક કારકિર્દી માટે બાધા રૂપ બને છે. જે ધ્યાને લઈ કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંગે કૌશલ્ય વર્ધન તાલીમને બળ મળે તેમજ કૌશલ્ય તાલીમ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સેતુ બંધાય તે માટે નીચે દર્શાવેલ વિગતે, રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ) તેમજ પોલીટેકનીક કોલેજોના માન્યત. પ્રાપ્ત અભ્યાસક્રમોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની સમકક્ષતા, શૈક્ષણિક હેતુસર આપવાનું સરકારશ્રી એ ઠરાવેલ છે.

૧. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ)નો બે વર્ષ કે તેથી વધુ સમય ગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ-૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૦ની સમકક્ષ ગણવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઈ.ટી.આઈ નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટીની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ની સમકક્ષ ગણવામાં આવશે.

૩. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડિપ્લોમા કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ની સમકક્ષ ગણવામાં આવશે. તેમજ આ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી ત્રણ વર્ષનો કોર્સ કરેલ હોઈ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે કોલેજમાં દાખલ થાય તો તેણે અગાઉનું એક વર્ષ વધારાનું ભણેલ છે જે ધ્યાને લઈ કેટલાક વિષયોમાંથી Choice Based Credit System (CBCS) હેઠળ ૪૦ ક્રેડીટ જમા આપવા પણ યુનિવર્સિટીઓને અનુરોધ કરવામાં આવે છે જેથી તેઓ સરળતાથી સ્નાતકની ડિગ્રી મેળવી શકે.

આ ઠરાવ શ્રમ અને રોજગાર વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.